A.M.C. MEDICAL EDUCATION TRUST

તા. ૨૨/૦૬/૨૦૨૦

# સરકયુલર નં-૧

એ.એમ.સી.મેટ સંચાલીત મેડીકલ કોલેજ ખાતે ફરજ બજાવતા તબીબી શિક્ષકો એસો.પ્રોફેસર તથા પ્રોફેસરને MCIના નોર્મ્સ મુજબ યોગ્યતા ધરાવતા સંબધીત કેડરમાં સીનીયર મોસ્ટ તબીબી શિક્ષકને બઢતી માટેMCI ના નોર્મ્સ મુજબ રીસર્ચ પેપર રજુ કરવાનાં હોય છે.અનુભવે ધ્યાનમાં આવેલ છે કે બઢતી સમયે કેડરમાં સીનીયર મોસ્ટ તબીબી શિક્ષકને રીસર્ચ પેપર રજુ કરવા જણાવવામાં આવે ત્યારે તેમની પાસે MCI ના નોર્મ્સ મુજબના રીસર્ચ પેપર ન હોવાને કારણે MCIના નોર્મ્સ મુજબ બઢતી આપવામાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ત્યારબાદ તેમના પછીનો ક્રમ ધરાવતાં તબીબી શિક્ષકને એડહોક ધોરણે બઢતી આપવામાં આવે છે. જે ના કારણે બઢતી મેળવેલ તબીબી શિક્ષકને બઢતી મળવા છતાં અમુક નાણાંકીય લાભ મળી શકતા નથી.ઉપરોકત પ્રશ્નના કાયમી નિરાકરણના ભાગ રૂપે યોગ્ય નીતિ બનાવવી જરૂરી હતી.

સદર બાબતને ધ્યાનમાં લેતાા રીસર્ચ પેપર બાબત નીતિ તૈયાર કરી એક્ઝીક્યુટીવ કમિટીમાં રજુ કરતા તા.૦૩.૦૩.૨૦૨૦ની એક્ઝીક્યુટીવ કમિટી ઠરાવ નં.૦૪ થી મંજુરી મળેલ છે. તેથી હવે પછી મેડીકલ કોલેજના તબીબી શિક્ષકોને એસો.પ્રોફેસર અને પ્રોફેસરની ખાલી પડેલ પોસ્ટ માટે આપવાની થતી બઢતીની કાર્યવાહી અંગે રીચર્સ પેપર બાબતે નીચે મુજબ (અ), (બ) અને (ક) મુજબની નીતિ અમલમાં આવેલ છે.

(અ) જ્યારે તબીબી શિક્ષકને પ્રોફેસર કે એસો. પ્રોફેસરના હોદ્દા ઉપર બઢતી આપવાની થાય ત્યાર અગ્રતાક્રમ ધરાવતા તબીબી શિક્ષકને પત્ર લખી દિન- ૧૫ માં MCI ના નોર્મ્સ મુજબ જરૂરી રીસર્ચ પેપર રજુ કરવા જણાવવુ નિયત સમય મર્યાદામાં તબીબી શિક્ષક દ્વારા રિસર્ચ પેપર રજુ ન કરવામાં આવે તો તેવા કિસ્સામાં સીનીયોરીટી લીસ્ટમાં તેના પછીનો ક્રમ ધરાવતા તબીબી શિક્ષકને MCI ના નોર્મ્સ મુજબ નીયત થયેલ રીસર્ચ પેપર દિન-૧૫માં રજુ કરવા જણાવવું તેઓના રિસર્ચ પેપર રીસર્ચ પેપર સ્ક્રુટીની કમીટી દ્વારા માન્ય રાખેથી અન્ય જરૂરી કાર્યવાહી હાથ ધરી બઢતી આપવાની થાય

(બ) જો તબીબી શિક્ષક દ્વારા MCI ના નોર્મ્સ મુજબ નીયત થયેલ રીસર્ચ પેપર રજુ કરવામાં આવે અને તે રીસર્ચ પેપર સ્ક્રુટીની કમીટી દ્વારા માન્ય કરવામાં ન આવે તો તે તબીબી શિક્ષકને તેમના રિસર્ચ પેપર સ્ક્રુટીની કમીટી દ્વારા માન્ય કરવામાં આવેલ નથી તેની જાણ કરી દિન- ૦૭ માં MCI નોર્મ્સ મુજબ જરૂરી રીસર્ચ પેપર રજુ કરવા જણાવવું ત્યારબાદ તેઓ દ્વારા રીસર્ચ પેપર રજુ ન કરે થી અથવા રજુ કરેલ રીસર્ચ પેપર સ્ક્રુટીની કમીટી દ્વારા માન્ય ન રાખે થી સીનીયોરીટી લીસ્ટમાં તેના પછીનો ક્રમ ધરાવતા તબીબી શિક્ષકને MCI ના નોર્મ્સ મુજબ નીયત થયેલ

રીસર્ચ પેપર દિન-૧૫માં રજુ કરવા જણાવવું તેઓના રિસર્ચ પેપર રીસર્ચ પેપર સ્ક્રુટીની કમીટી દ્વારા માન્ય રાખેથી અન્ય જરૂરી કાર્યવાહી હાથ ધરી બઢતી આપવાની થાય

(ક) ભવિષ્યમાં તે જ હોદ્દા માટે અન્ય જગ્યા ખાલી પડે અને બઢતી આપવાની થાય ત્યારે અગ્રતાક્રમ ધરાવતા અગાઉના તબીબી શિક્ષકને ફરીથી બઢતી માટે પત્ર લખી નીયત થયેલ MCI ના નોર્મ્સ મુજબ રીસર્ચ પેપર દિન-૧૫ માં રજુ કરવાની જાણ કરી . પેરા (અ), (બ) તથા (ક) મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોક્ત નીતિ હાલ અમલમાં આવેલ હોઇ સદર બાબત અંગે મેડીકલ કોલેજના ડીનશ્રીએ તમામ તબીબી શિક્ષકશ્રીને સદર નીતિની નોંધ લેવડાવવા તેમજ નોટીસ બોર્ડ ઉપર મુકવા વિનંતી છે.

સહી/-
સેક્રેટરી
એ.એમ.સી.મેટ

નકલ રવાનાઃ-
ડીનશ્રી, એન.એચ.એલ.મેડીકલ કોલેજ
ડીનશ્રી, એ.એમ.સી.મેટ મેડીકલ કોલેજ
ડીનશ્રી, એ.એમ.સી.મેટ ડેન્ટલ કોલેજ